# પાલનપુરના બેલીમ નાળામાં જીપ ખાબકી : મુસાફરોનો અદભુત બચાવ

પાલનપુર શહેરમાં ગત સાંજે બેલીમ નાળામા એક જીપ ખાબકી હતી. જેમાં મુસાફરોનો અદભુત બચાવ થયો હતો.



પાલનપુર શહેરના રેલવે સ્ટેશન રોડ પર બેલીમ નાળું આવેલું છે. એજાજ એગ્ઝની ગલીમાં બેલીમ નાળા પાસેથી ગ્રામીણ વિસ્તારની શટલીયા જીપો ભરાય છે. ત્યાં મંગળવારની સાંજે નાળા પાસે ઉભેલી એક જીપ નાળા માં ખાબકતા અફરાતફરી મચી ગઈ હતી.

બેલીમ નાળા પાસે ઉભેલી જીપ ગાડીને પાર્ક કરી ડ્રાયવર બજારમાં ગયો હતો. ત્યારે અચાનક જીપ ગાડીનો ગિયર ન્યુટર્ન થઈ જતા આ ઘટના ઘટી હોવાનું મનાઈ રહ્યું છે. જોકે, જીપ અચાનક નાળામાં ખાબકી હતી. ત્યારે જીપમાં બેઠેલા ૪ પેસેન્જરોનો અદભુત બચાવ થયો હતો. ગાડી નાળામાં ખાબકતા લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. જોકે, સદનસીબે જાનહાની ન થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# કેનાલમાં પાણી પીવા જતા યુવકનો પગ લપસ્યો, ડૂબતા મોત

પાટણ,તા.૮

દુનાવાડા ગામનો યુવાન ટ્રેક્ટર લઈ સેન્ટિંગનો સામાન લેવા જઇ રહ્યાં હતા. ત્યારે વાંસા ગામની નર્મદા મુખ્ય કેનાલ આવતા પાણીની તરસ છુપાવવા કેનાલમાં ગયો હતો. જ્યાં પગ લપસતાં ડૂબી ગયો હતો જેને સ્થાનિક તરવૈયાઓ દ્વારા બહાર કાઢી હારીજ ખાતે પીએમ કરવામાં આવ્યું હતું.

હારીજના દુનાવાડાગામના મયુર જયંતીભાઈ પરમાર (ઉંમર-૨૬) જે કડિયાકામ સેન્ટીંગ કામ જેવા મજૂરી કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. દુનાવાડાથી ટ્રેક્ટર લઈ અન્ય કુટુંબના ત્રણ ભાઈઓ સાથે સામાન લેવા કુરેજા જઈ રહ્યો હતો. તરસ લાગતા તે વાંસા નર્મદા કેનાલમાં પાણી પીવા ઉતર્યો હતો. આ દરમિયાન અચાનક પગ લપસતા પાણીમાં ગરકાવ થયો હતો. તેના ભાઈઓ ટ્રેક્ટરમાં બેઠા બધુ જોઈ રહ્યાં હતા. પરંતુ તરતા ન આવડતું હોવાથી તેઓ ગભરાઈ ગયા હતા. તેમણે ગામના કુટુંબીજનોને ફોન કરી જાણ કરી હતી. જેથી સ્થાનિક તરવૈયાઓ મયુરની લાશ કેનાલથી બહાર કાઢીને હારીજમાં પીએમ માટે મોકલી હતી.

મૃતક યુવાનના બે વર્ષ પહેલા લગ્ન થયા હતા. તેમની ધર્મપત્નીનો શ્રીમંતનો પ્રસંગ આ સપ્તાહમાં યોજાનાર હતો. ત્યારે યુવાનનું મોત થતાં જન્મ લેનાર બાળકે જન્મ પહેલા પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો છે.

# ખેમાણા ટોલનાકા પાસે ટેન્કરની ટક્કરે બાઈક ચાલક યુવકનું મોત

પાલનપુર-આબુ હાઈવે પર ખેમાણા ટોલનાકા નજીક ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ચાર બહેનો વચ્ચે એકના એક ભાઈનું કરૂણ મોત નિપજ્યું હતુ. અમીરગઢના પ્રજાપતિ પરિવારનો કુળદિપક બુઝાઈ જતા તેના પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

ખેમાણા ટોલનાકા નજીક ટેન્કરની ટક્કરે બાઈક ચાલક યુવકનું મોત નિજ્યું હતું. અમીરગઢ ખાતે રહેતો ૨૦ વર્ષીય રાકેશ ભીખાભાઈ પ્રજાપતિ ગતરોજ પોતાના નવિન મોટર સાયકલની નંબર પ્લેટ નંખાવવા માટે પાલનપુર ખાતે આવ્યો હતો .ત્યારબાદ પરત પોતાના ઘરે જતો હતો. દરમિયાન, ખેમાણા ટોલા નાકા પાસે આબુરોડ તરફથી આવી



રહેલા ટેન્કર ચાલકે ટક્કર મારતા રાકેશનું ઘટના સ્થળે મોત નિપજયુ હતુ. જેના પગલે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.

પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે દોડી આવી યુવકના વાલી વારસોને જાણ કરવામાં આવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુર દાંતીવાડામાં નશામાં બે વાહનચાલક ઝડપાયા

દાંતીવાડા ત્રણ રસ્તા પાસે પોલીસના ચેકીંગ દરમ્યાન ભરતભાઈ પ્રજાપતિ (રહે.સેમોદ્રા,તા.પાલનપુર) વાળો પોતાની આઈ-૧૦ ગાડી દારૂ પીધેલી હાલતમાં હંકારતો મળી આવતા તેની સામે દાંતીવાડા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે ડીસાના કંસારી ટોલ નાકા પાસેથી પોલીસે દિનેશભાઈ પરમાર (રહે.ચાણસ્મા) વાળાને પોલીસે દારૂ પીધેલી હાલતમાં તેની મહીન્દ્રા ગાડી ચલાવતા ઝડપી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે પાલનપુરમાં પારપડા ત્રણ રસ્તા પાસેથી રાજુભાઈ દેવીપૂજક નામના ઈસમને પોલીસે દારૂ પીધેલ હાલતમાં મોટર સાયકલ ચલાવતા ઝડપી લીધો હતો.

# ખેમાણા ટોલનાકાના પાસે દારૂ ભરેલી રીક્ષા ઝડપાઈ

## ૧.૧૧ લાખના મુદ્દામાલ સાથે રીક્ષાચાલકની અટકાયત

પાલનપુર આબુરોડ હાઈવે પર આવેલા ખેમાણા ટોલનાકા પર પોલીસના વાહન ચેકીંગ દરમ્યાન આબુરોડ તરફ થી વિદેશી દારૂ ભરીને આવી રહેલી એક રીક્ષાને ઝડપાઈ હતી. પોલીસે રૂ.૧.૧૧ લાખ ના મુદ્દામાલ સાથે સદરપુરના રીક્ષા ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ખેમાણા ટોલનાકા પર પાલનપુર તાલુકા પોલીસના વાહન ચેકીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી એક શંકાસ્પદ રીક્ષાને રોકાવી તલાશી લીધી હતી. જે રીક્ષામાથી રૂ ૬૯૦૦ ની કિંમત નો ૪૫ બોટલ વિદેશી દારૂ અને ૨૪ નંગ બિયર મળી ને ૬૯ નંગ વિદેશી દારૂ નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રીક્ષા ચાલક વિપુલ વાલજીજી ઠાકોર હાલ રહે સદરપુર તા.પાલનપુર મૂળ રહે ગુલવાસણા તા. પાટણવાળાની અટકાયત કરી હતી. પોલીસે દારૂ તેમજ રીક્ષા મળી ને કુલ રૂ ૧.૧૧.૯૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અલ્પેશના ઘરના વાસ્તુમાં ભાજપના ટોપ નેતા હાજર

## ધારાસભ્યપદેથી રાજીનામું આપવા અલ્પેશ ઠાકોરનો ફરી ઇન્કાર : કોંગ્રેસને જોરદાર વળતો જવાબ આપવા ચિમકી

અમદાવાદ,તા. ૮

કોંગ્રેસમાંથી વિદાય લઈ ચૂકેલા ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે પોતાના ઘરના વાસ્તુપૂજનમાં ભાજપના નેતાઓને આમંત્રણ આપતા ફરી એક વખત અલ્પેશ ભાજપમાં જોડાઈ રહ્યો હોવાની અટકળો તેજ બની છે. તો, બીજીબાજુ, કોંગ્રેસની છાવણીમાં ચિંતા વધી છે.

અલ્પેશ ઠાકોરે તે ભાજપના નેતાઓની મહેમાનગતિ કરી ભાજપમાં પ્રવેશ મેળવી રહ્યા હોવાની ચર્ચાઓ ફરી શરૂ થઈ રહી છે ત્યારે અલ્પેશ ઠાકોરે આ મામલે કોઈ સ્પષ્ટ ફોડ પાડયો નથી પરંતુ તે હાલ ધારાસભ્યપદેથી રાજીનામું નહી આપે તે સ્પષ્ટ કરી દીધુ હતું. એટલું જ નહી, કોંગ્રેસ તેમનું ધારાસભ્યપદ રદ કરાવવા જે પ્રયાસો કરી રહી છે તે મુદ્દે તે કોંગ્રેસને એવો વળતો જવાબ આપશે કે, કોંગ્રેસને કળ નહી વળે, તેવી ચીમકી ઉચ્ચારી છે. આ બાબતે અલ્પેશ ઠાકોરે પોતાના ઘરે મીડિયા સમક્ષ અનેક બાબતે ખુલાસા કર્યા હતા. અલ્પેશે જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ તે ગરીબો માટે નવા આંદોલનના મંડાણ કરશે. ભાજપમાં જોડાવાની વાત પર અલ્પેશે કોઈ સ્પષ્ટતા ન કરતા મીડિયાને ટોન્ટ માર્યો હતો કે, તમે લોકો સમય અને મુહૂર્ત નક્કી કરશો ત્યારે હું આવી જઈશ. કોંગ્રેસ અલ્પેશનું ધારાસભ્ય પદ રદ કરવા માટે પ્રયત્નશીલ હોવા અંગે અલ્પેશે જણાવ્યું હતું કે, તે ધારાસભ્ય પદેથી રાજીનામું નહીં આપે. ભાજપના નેતાઓની મહેમાનગતિ મુદ્દે પણ તેણે સ્પષ્ટતા કરી કે, સીએમ વિજય રૂપાણી, પ્રદીપસિંહ જાડેજા અને જીતુભાઈ વાઘાણી મારા સારા મિત્રો છે.

મારા ઘરે નાની પૂજા રાખી હોવાથી મેં પ્રદીપસિંહ અને જીતુભાઈને આમંત્રણ આપ્યું હતું. બંને નેતાઓ મારા ઘરે હાજર રહ્યા હોવા અંગે મીડિયા જે અર્થઘટના કાઢવું હોય એ કાઢી શકે છે. કોને આમંત્રણ આપવું અને કોને ન આપવું એ મારે નક્કી કરવાનું હોય છે. કોંગ્રેસના નેતા અમિત ચાવડા અને પરેશ ધાનાણી સાથે પણ મારે સારા સંબંધો છે. અલ્પેશે જણાવ્યું કે, મને કોઈ વ્યક્તિનો વિરોધ નથી પરંતુ નીતિઓનો વિરોધ હોય છે. હું ત્યારે પણ વિરોધ કરતો હતો અને ભવિષ્યમાં પણ વિરોધ કરીશ. કોંગ્રેસે ધારાસભ્ય પદ રદ કરવા માટે અધ્યક્ષને અરજી કરી હોવા અંગે અલ્પેશે જણાવ્યું કે, ચૂંટણી વખતે કોંગ્રેસને મારા સમાજના મત જોતા હતા, એટલે ત્યારે મારી સામે કોઈ કાર્યવાહી ન કરી. કોંગ્રેસ રાજકીય નફા-નુકસાનની ગણતરી કરી રહી છે. મેં પક્ષના કોઈ વ્હિપનો અનાદર નથી કર્યો. મારું ધારાસભ્ય પદ લેવા માટે કોંગ્રેસ હવાતિયા મારે છે. મારી સામે કરવામાં આવેલા ષડયંત્રનો હું એવો જવાબ આપીશ કે કોંગ્રેસને કળ નહીં વળે. અંદર અંદરની લડાઈને કારણે કોંગ્રેસ ગુજરાતમાં ૨૫ વર્ષથી સત્તાની બહાર છે. ઠાકોર સમાજ અને ઓબીસીનો દીકરો હોવાથી મને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે. હું ધારાસભ્ય પદેથી રાજીનામું નહીં આપું. પાંચ વર્ષ ધારાસભ્ય પદે રહીને રાધનપુરનો વિકાસ કરીશ.

# ધાનેરાના ભાતીબ ગામ નજીક બોલેરો અને રીક્ષા વચ્ચે અકસ્માત

ધાનેરા તાલુકાના ભાટીબ ગામ નજીક રિક્ષા અને બોલેરો જીપ વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ લોકોને ઈજા થવા પામી છે અને તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ધાનેરા તાલુકાના ભાટીયા ગામ નજીક બોલેરો જીપ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા રિક્ષામાં બેઠેલા ત્રણ લોકોને ઈજા થવા પામી છે બોલેરો અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા



આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને રિક્ષામાં ફસાયેલા લોકોને બહાર નીકળી ધાનેરા ૧૦૮ને જાણ કરી હતી ત્યારે ૧૦૮ના પાયલોટ હરેશ દવે અને ઈએમટી દેવુંસિંહ વાઘેલા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા છે રેફરલ હોસ્પિટલના ફરજ પરના ડોક્ટર ડાભી દ્વારા તમામ ઘાયલોને સારવાર આપવામાં આવી રહી છે.

## શામળાજી પોલીસની પેટ્રોલિંગ કરતી જીપને

# ધંધાસણના લુખ્ખાતત્વોએ અટકાવી પોલીસ કાફલા પર હુમલો

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો અને અસામાજિક તત્વો સામે ખાખી વર્દી પણ લાચારી અનુભવી રહી હોય તેમ બેખોફ બની કાયદો હાથમાં લેતા અચકાતા નથી પોલીસ કર્મચારીઓને જ માર પડતી હોય તો સામાન્ય પ્રજાજનો આવા લુખ્ખા તત્વો સામે જોવું પણ ભારે પડી શકે છે અરવલ્લી જીલ્લામાં પોલીસ કર્મચારીઓ પર હુમલો થવાના બનાવમાં વધારો થતા એકલ દોકલ પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગ માં જવાનું પણ બંધ કરી દે તો નવાઈ નહિ ...! પ્રનજજનોની સલામતી રાખનાર ખાખી વર્દી જ અસલામતી અનુભવી રહી હોય તેવી ઘટના બનતા ચકચાર મચી હતી.

શામળાજી પોલીસસ્ટેશનના કર્મચારીઓ સોમવારે રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે સરકારી પોલીસ વાહન સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે ધંધાસણ ગામ નજીક પહોંચતા રમણ ભાઈ રત્ના ભાઈ ડામોર નામના શખ્શે રસ્તા વચ્ચે ઉભા રહી પોલીસ કર્મચારીઓ સાથે ઝપાઝપી અને ગાળાગાળી પર ઉતારી આવતા પોલીસ કર્મચારીઓ શખ્શની દાદાગીરી થી ચોકી ઉઠ્યા હતા અને શખ્શને પાલ્લા આઉટ પોલીસ સ્ટેશનમાં લઈ આવ્યા હતા ત્યારે આરોપીની પત્ની સહીત અન્ય ૪ શખ્શો પાલ્લા આઉટ પોલીસ સ્ટેશન દોડી આવી હલ્લાબોલ કરી પોલીસકર્મીઓ પર તૂટી પડતા ભારે ચકચાર મચી હતી થોડા સમય અગાઉ પણ આ વિસ્તારમાં આર.આર.સેલના પોલીસ પાલ્લા આઉટ પોલીસ સ્ટેશને લઈ આવી કાયદેસરની કાર્યવાહી હાથધરતા રમણ રત્ના ડામોર ને છોડાવવા ૧) દિલીપ નાનજી પત્ની સહીત અન્ય બે શખ્શો નાસી છૂટ્યા હતા શામળાજી પોલીસે ૧) રમણ રત્ના ડામોર, ૨) દિલીપ નાનજી ડામોર,૩) અલ્પેશ પુનાજી



કર્મચારીઓ પર પણ અસામાજિક તત્વોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા પોલીસ કર્મચારીઓ પર વધુ એકવાર હુમલાનો ભોગ બનતા ખાખીનો ખોફ વિસરાઈ રહ્યો હોય તેવો માહોલ પેદા થયો છે.

શામળાજી પોલીસ સોમવારે નાઈટ પેટ્રોલિંગમાં હતી ત્યારે ધંધાસણ ગામ નજીક રમણ રત્ના ડામોરે પેટ્રોલિંગ કરતા અટકાવતા અને લુખખાગીરી પર ઉતરી આવતા પોલીસ કર્મચારીઓ તેને ડામોર,૨) અલ્પેશ પુનાજી ડામોર,૩) દિપીકાબેન રમણ રત્ના ડામોર (રહે,ધંધાસણ) ,૪) હીરાભાઈ રૂપાભાઈ અસારી અને ૫) શૈલેષ હીરાભાઈ અસારી (બંને, રહે ઓડ) પાલ્લા ઓપી પર પહોંચી જાહેરમાં ગાળો બોલી પોલીસ કર્મચારીઓ પર હુમલો કરી ગડદા પાટુનો માર મારતા અને યુનિફોર્મ ફાડી નાખતા અને ઝપાઝપી કરતા શામળાજી પોલીસનો કાફલો મોટી સંખ્યામાં ધસી આવતા રમણ રત્ના ડામોરની ડામોર અને દિપીકાબેન રમણ રત્ના ડામોર ની ધરપકડ કરી શામળાજી પોલીસે અનાર્મ્ડ હેડ.કોન્સ્ટેબલ દિનેશભાઈ બદાભાઈ( બક્કલ.નં-૧૧૪) ની ફરિયાદ ના આધારે ઉપરોક્ત ૬ શખ્શો સામે ઈપીકો કલમ-૧૪૩, ૩૪૧, ૩૨૩, ૩૩૨, ૩૫૩, ૧૮૬, ૨૯૪ (ખ) મુજબ ગુન્હો નોંધી ફરાર ૧) હીરાભાઈ રૂપાભાઈ અસારી અને ૨) શૈલેષ હીરાભાઈ અસારી ને ઝડપી પાડવા કોમ્બિંગની કામગીરી હાથધરી હતી.

# પાલનપુરમાં પરશુરામ જન્મ જયંતિની ઉજવણી કરાઈ

## ભગવાન શ્રી પરશુરામની શોભાયાત્રા યોજાઈ : હવન : આરતી યોજાઈ

પાલનપુરમાં ભગવાન શ્રી પરશુરામ જયંતીની ધામધુમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે પાતાળેશ્વરમાં હવન તેમજ બપોર પછી શોભાયાત્રા યોજવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના લોકો જોડાયા હતા.



વૈશાખ સુદ ત્રીજ એટલે કે અખાત્રીજ તરીકે માનવામાં આવે છે. જે પરશુરામ ભગવાનની જન્મ જયંતી તરીકે ઉજવવામાં આવે છે. જ્યાં મંગળવારે બનાસકાંઠા યુવા બ્રહ્મસેના દ્વારા અખાત્રીજના દિવસે પાલનપુરમાં પરશુરામ ભગવાનની જન્મ જયંતીની ઉજવણી ધામધુમ પૂર્વક કરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ પરશુરામ પરિવાર દ્વારા શ્રી પરશુરામ ભગવાનની પૂજા કરી આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ પાતાળેશ્વર મંદિર ખાતે હવન યોજવામાં આવ્યો હતો.અને બપોર બાદ યુવા બ્રહ્મસેના દ્વારા પાતાળેશ્વર મંદિરેથી ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો ઉપર પરીભ્રમણ કરી હતી.જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા.

# પાલનપુરમાં અડચણરૂપ વાહનો વસ્તુઓ મુકનાર દંડાયા

પાલનપુરમાં અડચણરૂપ વાહનો પાર્ક કરનારા તેમજ ચીજ વસ્તુઓ જાહેર રોડ પર મુકનારા લોકો સામે કાર્યવાહી હાથ ધરાઈ હતી.

પાલનપુરમાં જાહેર રોડ પર આવતા જતા રાહદારીઓને અડચણ થાય તે રીતે પોતાની દુકાનના ખુરશી ટેબલ રોડ પર મુકી શેરડીનું કોલુ ચલાવતા અમિતભાઈ કુંભાર (રહે.ઉસેનાબાદ,યુ.પી.) તથા સંદીપભાઈ સોનકર (રહે.નિઝામાબાદ) વાળા સામે કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે રીક્ષા અડચણમાં ઉભી રાખવા બદલ ઈમરાનખાન ખોખર (રહે. ત્રણબત્તી, પાલનપુર) તથા આકાશભાઈ પટણી (રહે. ત્રણબત્તી, પાલનપુર) તેમજ અલ્તાફમહમદ મનસુરી (રહે.સલ્લા,તા.પાલનપુર) વાળા સામે કાર્યવાહી હાથ ધરી છે.

## નક્સલી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઓપરેશનમાં બે નક્સલવાદીઓ ઠાર થયા હતા. ઘટનાસ્થળ પરથી મોટી માત્રામાં વિસ્ફોટકો કબજે કરવામાં આવ્યા હતા. દાંતેવાડાના એસપી અભિષેક પલ્લવે કહ્યુ છે કે આ અથડામણમાં ડિસ્ટ્રીકટડ રિઝર્વ ગાર્ડ ફીમેલ કમાન્ડો પણ સામેલ થયા હતા. આ ટીમમાં નક્સલ કાડર અથવા તો શરણાગતિ સ્વીકાર કરનાર નક્સલવાદીઓની પત્નિને સામેલ કરવામાં આવે ચે. આ ટીમમાં ૩૦ મહિલાઓ છે જે આ પ્રકારથી ઓપરેશન ચલાવે છે. તેમને ખાસ પ્રકારની ટ્રેનિંગ પણ આપવામાં આવી રહી છે. દરેક પ્રકારની ખતરનાક ટ્રનિંગ તેમને આપવામાં આવી રહી છે. દંતેશ્વરી દેવી દાંતેવાડાની દેવી છે. અહીં દેવીનુ ભવ્ય મંદિર છે. તેમના નામ પર મહિલા કમાન્ડો ટીમની રચના કરવામાં આવી છે. નક્સલવાદીઓ સામે હવે અસરગ્રસ્ત વિસ્તારમાં ઓપરેશન શરૂ કરાયુ છે.

## મને ગાળ પડે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે તેઓ કોંગ્રેસ અને તેમના સાથીઓને મનમાની કરવા દેશે નહીં. તેમના ભ્રષ્ટાચારને રોકી રહ્યા છે. તેમના વંશવાદની વાત કરે છે. જેથી વારંવાર પ્રેમ નકાબ ઓઢીને ગાળો આપતા રહે છે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન બની ગયા બાદ તેમના ઉપર પ્રેમવર્ષા કરવામાં આવી છે. તેમને મોસ્ટ સ્ટુપિડ પીએમ તરીકે ગણાવ્યા છે. જવાનોના ખૂનના દલાલ જેવા આક્ષેપો થઈ ચુક્યા છે. તેમના માટે ગદ્દાફી, મુસોલીની અને હિટલર જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાક મોટા નેતાઓએ તેમને માનસિક રીતે બીમાર ગણાવ્યા છે. કેટલાક લોકોએ તેમના પિતા કોણ છે તેવા પ્રશ્નો કર્યા છે. આ તમામ ભેટ વડાપ્રધાન બની ગયા બાદ આજે પણ વિરોધ પક્ષો તરફથી આપવામાં આવે છે. હરિયાણામાં જુદા જુદા ક્ષેત્રોમાં ચુંટણી સભાને સંબોધતા મોદીએ આકરા પ્રહારો કર્યા હતા.

## નવો પ્લાન્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્લાન્ટ તૈયાર કરાયો હતો. ૧૦ એમ એલ ડીના આ પ્લાન્ટના આધારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક તેમજ સચિવાલય સહીતના વિસ્તારમાં બગીચાઓને પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે હજુ પણ ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પાણી સપ્લાય કરવા માટે શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવા માટે આયોજન કરાયુ છે. આ અન્વયે સરગાસણમાં ૫૦ એમ એલ ડીનો નવો પ્લાન્ટ તૈયાર કરાશે. જેના આધારે શહેરના અન્ય ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પણ પાણીનો સપ્લાય કરવાનુ આયોજન છે. આ મામલે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી શુધ્ધ પાણી સપ્લાય કરવા માટેના પ્રાજેકટનુ કામ શરૂ કરાશે.

## ફૂડ પોઈઝનીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે તંત્રએ અન્ય લગ્નસ્થાનો પર પણ જરૂરી પગલાં લેવામાં આવે અને કાળજી રાખવામાં આવે તેવી સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

છેલ્લા ત્રણ દિવસમાં જ ફૂડ પોઈઝનીંગની આ બીજી ઘટના જિલ્લામાં સામે આવી છે. પહેલાં ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામે ફૂડ પોઈઝનીંગ ઘટના સામે આવી હતી આ પછી આજે નાંદોલ ગામની ઘટના સામે આવી છે. આ બન્ને ઘટનાઓમાં લગ્ન પછી યોજાયેલ ભોજન સમારંભને જવાબદાર માનવામાં આવી રહેલ છે.

આજની આ ઘટના પછી હરકતમાં આવેલ આરોગ્યતંત્રની ટીમે નાંદોલ અને આસપાસના વિસ્તારોમાં ચાલતા અખાદ્ય ચીજોના વેપારીઓ સામે પણ લાલ આંખ કરી અને તે બંધ કરાવ્યા છે.

## પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવર્તયો હતો. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૬૮૪૦ જેટલા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જયારે આ વિદ્યાર્થીઓના ભાવિનો આજે ફેંસલો થશે. અલબત્ત આગળ શૈક્ષણિક અભ્યાસ માટે નવી રાહ નક્કી થશે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક પરીક્ષા ખંડમાં સી સી કેમેરાની વોચ તેમજ ઓબર્ઝવરની નિમણુંક કરવામાં આવી હતી. જયારે પરીક્ષાના અંતે સી સી કેમેરાના ફુટેજનુ પણ નિરિક્ષણ કરાયુ હતુ. જેના લીધે પરીક્ષા દરમિયાન ગેરરીતી કરતા વિદ્યાર્થીઓનુ હીયરીંગ કરી રીપોર્ટ પણ બોર્ડને સુપ્રત કરી દેવાયો છે. આગામી દિવસોમાં ધો -૧૦ તેમજ ૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ જાહેર થશે. ધો -૧૦ ના પરિણામની તારીખ જાહેર થાય તે માટે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ઈન્તેજારી સેવી રહ્યા છે.

## પ્રિ-મોન્સૂન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૨મી મેના રોજ રાજ્યમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, અમરેલી, સુરેન્દ્રનગર માટે વૉર્નિંગ આપવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ પાકિસ્તાન તરફથી ફૂંકાતા પવનના કારણે વાતાવણમાં પલટો જોવા મળશે. એક તરફ ઊનાળો આકરા પાણીએ છે ત્યારે ફરી એક વાર રાજ્યમાં વાતાવરણમાં પલટો થતાં રાજ્યવાસીઓને ગરમીથી રાહત મળે તેવી વકી છે.